dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available at www.vnsgulibrary.org
September 2009 For private circulation only Vol. 01 - Issue 18

ધર્મ બહુ ચર્ચાયેલો તેમ છતાં ઘણો ઓછો સમજાયેલો વિષય છે. ધર્મ વિશે સ્વસ્થતાપૂર્વક સમત્વયુકત વિચાર બહુ ઓછો થયો છે. ધર્મ વિશેની ચર્ચામાં મોટે ભાગે આવેશ અને અભિનિવેશ તથા અતિશય લાગણીયુકત લગાવ કે અભાવ, પક્ષપાત કે પૂર્વગ્રહ ભળી જાય છે. ધર્મ વિશેની અધકચરી ને કયારેક તો અતિ વિકૃત માન્યતાઓને કારણે એક બાજુ કેટલાક ધર્મને નામે લોહી રેડવા સુધી પહોંચી જાય છે, તો બીજી બાજુ બધાં અનિષ્ટોનું મૂળ ધર્મ જ છે એવી ગાંઠ વાળીને કેટલાક ધર્મને સમાજમાંથી, કમ સે કમ જાહેર જીવનમાંથી નેસ્તનાબૂદ કરી નાખવા તત્પર બની જાય છે.

પૂ. વિનોબા ભાવે, -વિજ્ઞાન યુગમાં ધર્મ.

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

કોઈપણ સ્વસ્થ, સમાધાની અને શાંતિપ્રિય સમાજના ઘડતરના આધારસ્તંભો છે : સદ્‌વિચારો અને સત્‌ સંસ્કારો. સંસ્કારોનું તથા સદ્‌વિચારોનું ભાથું અવિરત જીવંત રહે એ માટે ભારત પાસે બારેમાસ સંકળાયેલા ઉત્સવોની પરંપરા છે. આપણા પૂર્વજોએ માનવીની સત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મક પ્રકૃત્તિને લક્ષમાં રાખીને સમગ્ર વર્ષ દરમ્યાન ઉજવાતા વિવિધ ઉત્સવોનું પરંપરાગત આયોજન કર્યુ છે. उत्सव प्रियो हि मनुष्यः । મનુષ્યનો સ્વભાવ નૈસર્ગિક ઉત્સવ પ્રિય છે. આપણા તહેવારોનું નિર્માણ ઉત્સવાર્થ અને આનંદાર્થના નિર્માણના શુભ હેતુથી પ્રયોજાયેલું છે જેથી મન પ્રફુલ્લિત અને તાજુ રહે. દરેક ઉત્સવની પાછળ કોઈને કોઈ વ્રત, કોઈ નિષ્ઠા અથવા વિશિષ્ટ પ્રકારના જીવનદર્શનના ચિંતનનો ખ્યાલ રહેલો છે. ઉત્સવો થકી જીવનને માંગલ્ય તરફ લઈ જવાનો આ મહાન પરંપરામાં ગૂઢાર્થ રહેલો છે. ઉત્સવોની ઊજવણી થકી ભારતીય ઋષિઓએ જીવન તરફ જોવાની વિશિષ્ટ દષ્ટિ આપી છે. આ માટે સેંકડો પ્રતીકોનું નિર્માણ કરી, આપણી સંસ્કૃતિની મહાનતાના દર્શન કરાવ્યા છે.

આ વર્ષે શકિત ઉપાસનાનું પર્વ નવરાત્રિ તથા ઈસ્લામના પવિત્ર માસ રમઝાનની ઊજવણી સાથે સાથે ચાલી. શકિત ઉપાસનાના પર્વ દ્વારા આસુરી વૃત્તિ પર દૈવી વિચારોની પ્રસ્થાપના કરવાની આરાધના છે. અધિ દૈવત શકિત અણુ અણુમાં વ્યાપ્ત થઈ આ સૃષ્ટિનું સંચાલન કરે છે. અગ્નિની ઉષ્ણતા અને દાહત્વ એ એની શકિત છે. પુરુષનું પુંસત્વ, એ પુરુષની શકિત છે. શકિત વગર અગ્નિ-અગ્નિ નથી, પુરુષ-પુરુષ નથી. આ શકિતને વિજ્ઞાન energy, power કે nature જેવા શબ્દોથી ઓળખે છે. નવરાત્રિના પર્વ દ્વારા નવ દિવસની આરાધના થકી આત્મશકિત જાગ્રત કરી લૌકિક અને પારમાર્થિક સિધ્ધિઓ પ્રાપ્ત કરવાના પ્રયત્નો થાય છે. વિવિધ પ્રકારની શકિત તત્વની એક મહત્વપૂર્ણ વ્યાખ્યા છે :

एकैव शक्तिः परमेश्वरस्य विविधा वदन्ति व्यव्हारकाले ।
भोगे भवानि पुरुषेषु लक्ष्पी कोपे तु दुर्गा प्रलये तु काली ।।

અર્થાત્‌, વ્યવહારમાં જુદા જુદા પ્રકારે જે કાંઈ શકિત વપરાય છે તે બધી શકિત પરમેશ્વરની જ છે. ઉપભોગ કરતી વખતની શકિત ભવાની છે. પુરુષાર્થ માટે વપરાતી શકિત લક્ષ્મી તરીકે જાણીતી છે. કોપાયમાન થતી વખતની શકિત દુર્ગા શકિત છે અને પ્રલય વખતની શકિત કાલી ગણાય છે. જગદંબાની ઉપાસનાનું એક વ્યવહારુ કારણ આ વાત્સલ્યમયી હોય છે અને આથી જ કરુણામયી માની ઉપાસનાથી ધ્યેયસિધ્ધિ સરળ બને છે.

નવરાત્રિના નવ દિવસોમાં દુર્ગામાના નવ સ્વરૂપોની ઉપાસના થાય છે. પ્રથમ ત્રણ દિવસ માતૃશકિતની ઉપાસના થાય છે. જેથી માનવીમાં રહેલી આસુરી વૃત્તિનો સમૂળગો નાશ થાય. મધ્યના ત્રણ દિવસ મહાલક્ષ્મીનું પૂજન થાય છે જેથી આસુરી વૃત્તિઓ ક્ષીણ થયા પછી સાત્ત્વિક ગુણોમાં વૃધ્ધિ થાય અને માનવીનું મન જ્ઞાન પ્રાપ્ત કરવા તૈયાર થાય. ત્યારબાદ છેલ્લા ત્રણ દિવસમાં બ્રહ્મજ્ઞાન સ્વરૂપિણી મહા સરસ્વતીનું પૂજન થાય છે. વિશુધ્ધ જ્ઞાન દ્વારા મનુષ્ય જીવભાવનો ત્યાગ કરી સત્‌, ચિત્‌, આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરી સોडहं ભાવમાં લીન થવાની ભાવના સાથે જીવનના અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરવા આરાધના કરે છે.

સામાજિક દ્રષ્ટિએ નવરાત્રિનો વિચાર કરીએ તો સમાજમાં ફેલાતી મહિષાસુરવૃત્તિને સામૂહિક પ્રયત્નો દ્વારા નાથવાની વાત છે. સ્વાર્થ પરાયણતા અને સ્વચ્છંદતાને સાથે મળી પડકારવાની વાત છે. પોતાનો અહમ્ સમર્પિત કરવાની ભાવના જગદંબાના પ્રતીક તરીકે 'ગરબા' માં ગૌરવગાન ગાવાની પ્રથા છે. ગરબો એ સંઘભાવનાનું પ્રતીક છે. સંઘભાવના થકી મહિષાસુર વૃત્તિ પર સમાજમાં અંકુશ લાદી શકાશે. ગરબાની પાછળ એક તાત્વિક ચિંતન પણ રહેલું છે. શકિત આરાધનાના પ્રતીક રૂપ મૂકવામાં આવતા ગરબામાં નવ છિદ્રોવાળું મટકું એ માનવ દેહનું પ્રતીક છે. મનુષ્યની ચેતનાના નવ દ્વારો છે. બે આંખ, બે કાન, બે નસકોરાં, મેટૃં, ગુદા અને જનનેન્દ્રિય. આ નવ કેન્દ્રો થકી દેહમાંની આત્મજયોતિ અખંડ પ્રજવલિત રહે તેના પ્રતીક રૂપ નવ દિવસ અખંડ દીવો પ્રજવલિત રાખવાની ભાવના છે.

નવરાત્રિની જેમજ મુસલમાન બંધુઓમાં ઈસ્લામી હિજરી સનનો નવમો માસ 'રમઝાન' એ રોઝા (ઉપવાસ) અને ઈબાદત (ભકિત) દ્વારા ઈસ્લામના માનવીય સિધ્ધાંતોને અનુસરવાનો પવિત્ર માસ પણ અનોખી આરાધનાનું પર્વ ગણાયું છે. આવા પવિત્ર માસની પૂર્ણાહૂતિ પછીનો શવ્વાલ માસનો પ્રથમ દિવસ એટલે રમઝાન ઈદ કે ઈદ-ઉલ-ફિત્ર. 'ઈદ' શબ્દ મૂળ 'અબદ' પરથી આવ્યો છે. 'અબદ' એટલે પુનરાવર્તન. પુન : પાછી ખુશી એટલે ઈદ. ઈસ્લામના શાંતિ, સચ્ચાઈ અને સમાનતા જેવા માનવીય મૂલ્યોનું પુન : પુન : આચરણ કરવાની તથા ખુલ્લા દિલથી ખુશીની અભિવ્યકિત કરવાનો તહેવાર એટલે ઈદ. ઈસ્લામ ધર્મના પવિત્ર ગ્રંથ 'કુરાન'ની ૬૨૩૭ આયાતો અને તેનું વિશ્લેષણ 'હદીસ'માં જણાવાયુ છે કે પરમેશ્વરને એક માનવો તથા સહુની સાથે પ્રેમ રાખવો. ઈસ્લામ એટલે શાંતિ, સંવાદ, સમર્પણ, ઈશ્વરાધિન જીવન, સત્યના માર્ગે સતત પ્રયત્નવાન પુરુષાર્થ. ઈસ્લામ ધર્મના પ્રણેતા મહમ્મદ એક પવિત્ર ઈન્સાન હતા. ला एलाहा इल्लल्लाह, महमद अलरसूल अल्लाह । અર્થાત્, અલ્લાહ એક જ છે, તેની જગ્યા, કોઈ ન લઈ શકે. મહમ્મદ પયગંબર પણ તેનો પયગામ લાવનાર રસૂલ માત્ર છે, સેવક માત્ર છે. કુરાનમાં એક સુંદર આયાત આવે છે- "અમે કોઈપણ રસૂલમાં ફરક નથી કરતા." હિન્દુ ધર્મની તો આ મુખ્ય વિચારધારા રહી છે માટે જ તેણે અનેક પ્રકારે પ્રભુ ભકિતને સ્વીકારી છે.

હિન્દુ ધર્મ અને ઈસ્લામ ધર્મમાં ઘણી જ સામ્યતા જોવા મળે છે. ઈસ્લામમાં બિસ્મિલ્લા છે. જયારે હિન્દુ ધર્મમાં ઓમ ૐ છે. બિસ્મિલ્લા શબ્દમાં ત્રણ બાબત છે. બિ, અસ્મિ અને અલ્લા. તેનો અર્થ થાય છે અલ્લાના નામથી. ઓમમાં પણ અ,ઉ અને મ છે. જે સત્-ચિત્, આનંદ સ્વરૂપ પરમાત્માનું નિરાકાર સ્વરૂપ છે. ઓમ અને બિસ્મિલ્લા બંને નિરાકાર પરમતત્વની ઉપાસનાના પ્રતીકો છે. ઈસ્લામ શબ્દમાં સલમ ધાતુ છે જેનો અર્થ છે, શરણે જવું. ઈસ્લામ એટલે પરમેશ્વરને શરણે જવું. ગીતાનો સાર એક વાકયમાં કહેવો હોય તો કહી શકાય - मामेकं शरणं व्रज - એક પરમેશ્વરને શરણે આવ. ઉપનિષદોના एक मेवा द्वितीयम અથવા एको देवः सर्वभूतेषु गूढः ની જેમ જ કુરાનમાં વારંવાર આવે છે : "લાઈલાહ ઈલલ્લાહ" એટલે કે - એ એક સિવાય બીજો કોઈ અલ્લાહ નથી."

મૌલાના અબ્દુલ કલામ આઝાદ જેવા કુરાનના અભ્યાસી તેમના પુસ્તક 'તરજુમાનુલ કુરાન' માં લખે છે કે, "સૌ પોતપોતાના ધર્મોના અસલ શિક્ષણ પ્રમાણે આચરણ કરે; કેમ કે સૌ ધર્મોનું અસલ શિક્ષણ એક જ છે. કુરાને નથી તો કોઈ નવો સિધ્ધાંત રજૂ કર્યો, કે નથી કોઈ ખાસ નવો વિધિ કરાવ્યો. તેણે હંમેશા એવી બાબતો પર ભાર મૂકયો જે દુનિયાના સૌ ધર્મોની સૌથી વધારે પ્રસિધ્ધ બાબતો છે. - એટલે કે એક જગદીશ્વરની ઉપાસના અને સદાચારી જીવન. તેણે જયારે પણ લોકોને પોતાના તરફ બોલાવ્યા છે ત્યારે એ જ કહયું છે કે પોતાના ધર્મોનું અસલ શિક્ષણ ફરીથી તાજું કરો." આવું અસલ શિક્ષણ તાજું કરવું એ સમયની માંગ છે.

દરેક યુનિવર્સિટીઓની જોગવાઈઓનો અભ્યાસ કરીએ તો જણાય છે કે દરેકમાં બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની જોગવાઈઓ છે. આ બોર્ડના ઉપક્રમે સામાજિક સમરસતા કેળવાય તથા વિવિધ ધર્મોના સાર તત્ત્વોની સરળ સમજ યુવાનોમાં પ્રસરે તેવા વિશિષ્ટ પ્રયત્નો થાય તે જરૂરી છે. વિવિધ ધર્મોના વિધ્વાનોને યુનિવર્સિટીઓમાં આમંત્રી વ્યાખ્યાનમાળાઓ શરૂ થાય તે જરૂરી છે. યુનિવર્સિટી દ્વારા ગત વર્ષે શરૂ કરેલ 'માનવ ચેતના ઉધ્વારોહણ' સપ્તાહ મણકો એક અંતર્ગત મહર્ષિ અરવિંદ કૃત 'સાવિત્રી' મહાકાવ્ય અંગે શ્રી અશ્વિનભાઈ કાપડિયા દ્વારા વ્યાખ્યાનો અપાયા હતા. આ વર્ષે જૈન તેરાપંથ સમાજ દ્વારા આ સપ્તાહની જવાબદારી ઉપાડી લેવાનું વચન મળેલ છે. યુનિવર્સિટીને આવા કાર્યો માટે વિવિધ ધર્મો, સંપ્રદાયો તથા સમાજો દ્વારા આર્થિક સહયોગ મળે તો આ પાવન વિચારોને નકકર સ્વરૂપ આપી શકાય.

અંતે સૌને, પુનઃ ઈદ-મુબારક અને નવરાત્રિની શુભેચ્છાઓ.

૨૦ ઓગષ્ટ, ૨૦૦૯

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર



શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, સુરત દ્વારા યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલયમાં "આચાર્ય શ્રી મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર"ની શુભ શરૂઆત કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના શુભ હસ્તે તા. ૧૭-૦૯-૨૦૦૯ના રોજ કરવામાં આવી. આ સાહિત્ય કોર્નરમાં આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી કૃત ૩૬૯ ગ્રંથો અને આ ગ્રંથોની વ્યવસ્થિત ગોઠવણી માટે બે બુક કેશ પણ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. એક બુક કેશની કિંમત ૧૭,૦૦૦ રૂપિયા ઉપરાંતની છે. કુલપતિશ્રી ગ્રંથાલય સ્થિત આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નરને વિધિવત્ ખુલ્લો મૂકયો હતો

યુનિવર્સિટી પરિસર સ્થિત એમ.સી.એ. ભવનના સભાગૃહમાં કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં અને આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીના સુશિષ્યા સાધ્વી સુમનજીશ્રીના સાનિધ્યમાં "આચાર્ય શ્રી મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર"ના લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો.



આ પ્રસંગે સાધ્વી સુમનશ્રીજીએ જણાવ્યું : જીવનના નિર્માણ માટે જરૂર છે સ્વાધ્યાય. જેના દ્વારા ભીતરમાં નવી ચેતના જાગૃત થાય છે. મનની ગ્રંથિઓનું વિમોચન થાય છે. દ્રષ્ટિકોણ વિધાયક બને છે. સદ્સંસ્કારોનું સિંચન થાય છે અને કર્તવ્યભાવના જાગૃત થાય છે. આચાર્ય મહાપ્રજ્ઞજી વ્યકિત નહી વિચાર છે, તેમનું સાહિત્ય સમગ્ર માનવ જાતિના કલ્યાણ માટેનું સાહિત્ય છે. તેઓ રામની મર્યાદા, શ્રી કૃષ્ણનો કર્મયોગ, મહાવીરની અહિંસા, બુધ્ધની કરૂણા, આઈન્સટાઈનની થીયરીના સમન્વિત રૂપ છે. તેઓ સાગર મેળવનાર મહાસાગર છે. તેઓ આત્મદ્રષ્ટા, યુગદ્રષ્ટા અને ભવિષ્યદ્રષ્ટા છે. આવા મહાપુરૂષનું સાહિત્ય ઉપલબ્ધ થાય તેવા આશયથી મહાપ્રજ્ઞ



અધ્યક્ષીય પ્રવચનમાં કુલપતિશ્રીએ જણાવ્યું કે : દરેક કામ માટે કોઈક નિમિત્ત હોય છે. આચાર્ય મહાપ્રજ્ઞજી વિરલ મહાપુરૂષ છે. તેમનું ચિંતન, તેમનું લેખન અને તેમની વાણી તમામ માટે શ્રેયસ્કર છે. માનવીય મૂલ્યોના પ્રથમ પુરસ્કર્તા એવા આચાર્ય મહાપ્રજ્ઞજીના પ્રથમ દર્શને જ હું અભિભૂત થઈ ગયો. તેમનું સાહિત્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના જીવનમાં પણ નવો ઉજાસ ફેલાવે એવા ઉદ્દેશથી યુનિવર્સિટીના ગ્રંથાલય ખાતે આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર શરૂ કરવામાં આવ્યું છે. સાધ્વી મધુરલતાજી દ્વારા ઉચ્ચારિત મધુર સંગાન સાથે કાર્યક્રમનો શુભારંભ થયો હતો. આ શુભ પ્રસંગે પારમાર્થિક શિક્ષણ સંસ્થાના કેન્દ્રિય સંયોજક રૂપચંદજી સેઠિયા, જૈન વિશ્વભારતી યુનિવર્સિટી, લાડનુના સુરતના સમન્વયક લક્ષ્મીલાલજી બાફણા, અણુવ્રત સમિતિ સુરતના મંત્રી અર્જુનભાઈ મેડતવાલા, શ્રી ચંપકભાઈ મહેતા, શ્રી સંજયભાઈ સુરાણા, શ્રી કાંતિભાઈ મહેતા, શ્રી અંકેશભાઈ દોશી, શ્રી સુશીલભાઈ સુરાણા ઉપરાંત સુરત સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહયા હતા. સાધ્વી સુમનશ્રીજી પોતાના સહવર્તી સાધ્વી વૃંદની સાથે યુનિવર્સિટી પરિસરમાં પ્રવેશ કર્યો ત્યારે કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયા તથા અન્ય અધિકારીશ્રીઓએ હાર્દિક સ્વાગત કર્યું હતું.




આ પાવન પ્રસંગે મધ્યસ્થ ગ્રંથાલયમાં જૈન ધર્મના ગ્રંથોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. જેને નિહાળીને સાધ્વી સુમનશ્રીજીએ યુનિવર્સિટી તેમજ ગ્રંથાલય પરિવારને આશીર્વાદ આપ્યા હતા.



## આવકાર-ગુરૂવંદના

ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ભાગ-૨ના વિદ્યાર્થીઓ દ્વારા ભાગ-૧માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓ તથા ગુરુપૂર્ણિમા દિને ગુરુવંદનાના કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. દિપ પ્રાગટ્ય, શ્લોકગાન તથા પ્રાર્થનાની રજુઆત બાદ વિભાગના અધ્યાપકોનું સન્માન-સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી ગાંધી પિનલ દ્વારા શિક્ષક તથા આદર્શ શિક્ષકની ભૂમિકા અને આ વિભાગ માટે પોતાના શિક્ષકો પ્રત્યેની લાગણી વ્યકત કરી હતી. કુ. ટંડેલ મનોરમાએ નૃત્ય રજુ કર્યુ હતું. વિદ્યાર્થીઓએ કહ્યું કે સીનીયર અને જુનિયર બદલ આપણે સૌ એક કુટુંબનાં સભ્યો છીએ અને વિભાગમાં સમરસતા જળવાઈ તે માટે આપણે સૌ કાર્યશીલ છીએ અને રહીશું. અધ્યક્ષ ડૉ. કિશોર પોરીયાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આ કાર્યક્રમ સુધી તમે મહેમાન હતા હવે ભૌતિકશાસ્ત્ર કુટુંબના સભ્ય બન્યા છો. આ પરંપરાગત કાર્યક્રમથી આજનો યુવાન દિશાહીન નથી થયો તેની પ્રતિતી થાય છે. ડૉ. ગોદરેએ વિદ્યાર્થીઓને જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજમાં તેઓની કટીબધ્ધતા અને પરંપરા જાળવે. અને વિભાગમાં કૌટુંબિક વાતાવરણ સર્જાઈ રહ્યું છે, તેમાં પોતાનો યોગ્ય ફાળો આપે. કાર્યક્રમનું સંચાલન પ્રજાપતિ યોગેશ તથા પટેલ ભાવિક દ્વારા

## Conference

Dr. Subodh S. Godre of Department of Physics, participated in the 10th International Conference on Nucleus Collisions held at Beijing, China from August 16-21, 2009. This conference which is held every three years was organized by the China Institute of Atomic Energy (IUPAP) and is a truly representative one in Nuclear Physics with participation of Nuclear Physicists from across the globe. Dr. Godre gave an oral presentation of his research paper entitled "Coulomb Reorientation Effect on Near-Barrier Heavy-Ion Fusion Reactions in Rigid-Body Rotational Dynamics Calculation". Dr. Godre received financial assistance from Indian National Science Academy (INSA), Council of Scientific and Industrial Research (CSIR), New Delhi and the VNSGU, Surat for participation in this international conference.

## Student Corner - Scholarship

**Post-Graduate Indira Gandhi Scholarship for Single Girl Child for PG academic session 2009-11**

The UGC, based on the initiative of M/HRD, had introduced, from the year 2005-06, Post-Graduate Indira Gandhi Scholarship for Single Girl Child with purpose of supporting higher education through scholarship to such girls who happen to be only child in their families and also to provide incentive for the parents to observe small family norm. Eligibility: Any single girl child being the only child of her parents is eligible under the scheme. The benefit under scheme will be available to such a single girl child who has taken admission in first year of a Master's degree programmes in any recognized university or a post-graduate college during the current year i.e. 2009-10. Rate of Scholarship: 2000, Duration of Scholarships: 2 years (for 10 months in a year) (Total 20 Months) Number of Scholarships per year: 1200 Application received after the due date will not be considered. Those who had applied earlier need not to apply afresh in response to this advertisement, if they had taken PG admission in the year 2009-2010. Further detail: www.ugc.ac.in

## Foreign Visit



Dr Pratap Bahadur Head, Department of Chemistry visited Canada for two months ( Sept-Oct 2009) as James Chair Professor at St. Francis Xavier (StFX) University, Antigonish, Nova Scotia. The James Chair is reserved for a distinguished visiting professor from another university across the globe. The Chair allows the University to bring leading scientist to campus to provide intellectual interaction and research support for the University's faculty and senior students.

The offer came as an invitation to Professor Bahadur. The Chair appointment is in the Department of Chemistry and was initially for a period of six months. StFX later agreed to split the offer in two visits of 2-3 months each due to the inability of Dr Bahadur to leave his department for a long period. Dr Bahadur has to assist faculty and senior research students and give a few presentations
StFX is a leading Canadian university with a longstanding tradition of academic excellence, service to society and innovation in teaching. The university brings together around 5000 students from across Canada and around the world in arts, science, business and information systems, and applied programs. StFX has been ranked as the number one (primarily undergraduate) university in Canada. The Department of Chemistry at StFX. offers honours, advanced major, and major programs at the B.Sc. level, and a postgraduate research degree (M.Sc.). Class sizes are small, particularly at the junior and senior level, providing for a good deal of faculty-student interaction and academic flexibility. The diverse qualifications of the faculty ensures expertise in all the traditional subdisciplines of chemistry. The department also offers PhD program and appoints postdocs.Due to the support of the University and the Chemistry faculty's continued success in attracting external research funding, the Department possesses a wide variety of modern instrumentation, and specialized software. The Chemistry Department at StFX has a strong base in Surface and Colloid Chemistry which is also an area of specialization of Dr Bahadur.

Prof Bahadur's stay at StFX will initiate research collaboration of mutual benefit. He is likely to visit some Universities and MNCs in Canada/US for invited talks. Earlier too in Summers 2005 and 2006, Dr Bahadur was invited as visiting professor in Japan and China where he taught short course in colloids and polymers and jointly published over a dozen of research papers in highly reputed journals. In Feb 2007, he attended a conference in Sydney and lectures in three top Universities in Australia (Canberra, Melbourne and Adelaide) and in summer was invited as a plenary speaker in an Internal conf in Wroclaw Poland and was a guest scientist for a week in Institute of Colloids and Catalysts at Krakow. Likewise on 6 weeks trips in summer 2008 ( to US) and autumn 2008 ( to Germany, France and Sweden), Prof Bahadur gave 10 lectures in different Universities and MNCs.

## સ્પર્ધા



મહાત્મા ગાંધી યુનિવર્સિટી, કોટાયમ મુકામે આંતર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિના પ્રમુખપદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેન શ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાઈ ગયો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે ઉજ્જવળ કરવા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય તેમજ આભારવિધિ કરી હતી. આ ટીમને શ્રી મોહન મોરીયાએ કોચીંગ આપ્યું હતું. ભાઈઓ : (૧) કુવર ઉમેશભાઈ જી. (૨) ચૌધરી મોજેસ જે. (૩) રાઠોડ ઉત્તમ કે. (૪) ચૌધરી કૌશિક આર. (૫) સેલર મયંક (૬) ભોયા વિ. કે. (૭) ખલાસી કપિલ (૮) હડલ આર.એન. (૯) પટેલ કિરીટ ટી. બહેનો : (૧) ભોયા કૈલાસ બી. (૨) ભોયા દુર્ગા પી. (૩) ચૌધરી નર્મદા એચ. (૪) ચૌધરી અમિતા આર. (૫) ગામિત મનિષા એલ. (૬) ચૌઋષિ પૂજા એન.

## Seminar



Gujarat State Biotechnology Mission (GSBTM) sponsored One day Seminar on 'Triumphant Biotechnologist' was held on the campus of Veer Narmad South Gujarat University, Surat. The seminar was coupled with the inauguration of the building allotted to the Biotechnology Course, release of book "Student's Hand Book of Biotechnology", by Dr. Gaurav Shah and the VNSGU Journal of Social Sciences.


The inaugural function was presided over by Vice Chancellor Dr. B. A. Prajapati. Dr. Minoo Parabia, Coordinator of the course in Biotechnology, welcomed the guests and elucidated the background. Sector specialist in industry Mr. Anand Bhadalkar narrated the functions of GSBTM. He also suggested starting incubation cell for the future Biotechnologist.

Professor Prajapati appreciated and acknowledged the importance of Biotechnology in future to come. He said "Coming decades are of Biologists", he also exhorted the students saying "A good Biotechnologists must be a good fundamental biologist, unless you are good at fundamentals, the training of specialized biotechnology shall have no base".




Dr. Prajapati also appreciated the idea of creating an incubation cell for the enterprising biotechnologists.

The technical session was illuminated by two eminent speakers Dr. Prashant Bhatt, CMD of Sun agri-genetics, Baroda, gave the illustrious account of the pitfalls and the prospects of biotech companies. Dr. Bhatt mainly emphasized on the following:




- Commercialization of micro propagation of plants is possible and has great market potential.
- One can start as low investment low risk enterprise. With this, one can offer disease free, high yielding economically important seedlings for agricrops, orchard, wood crops (sandal wood) and horticrops.
- The barrier involves highly perishable product and specialized infrastructure like cold-transportation has to be thought of and considered while working out the cost.
- The Business shall have an average of 30-35% return on the investment.

He showed that Gujarat has good potential for crops like Banana, Papaya, Citrus, Chilli, Date palm, Vegetables etc. Dr. Bhatt also showed the potential requirement of crops like Banana and Papaya. Dr. Prashant also enlightened the students on the novel avenues in Biotechnology e.g. fuel from algae and protein from algae.



# કૉલેજ ન્યૂઝ

## પુસ્તક પ્રદર્શન



બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૨૬-૦૮-૨૦૦૯ના રોજ શ્રી ધીરજસિંહ દેસાઈના હસ્તે પુસ્તક પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત મહેમાનોનું શબ્દો દ્વારા સ્વાગત કર્યું. તથા ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે મહેમાનોનું પુસ્તક પુષ્પથી સ્વાગત કર્યું હતું. ભારત એજયુકેશન ટ્રસ્ટના ઉપપ્રમુખ અને ગુણવત્તા નિયામક શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તેમજ ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે જીવનમાં પુસ્તકનું મહત્ત્વ તથા પુસ્તક પ્રદર્શન વિશે વિચારો રજૂ કર્યા હતા. કેમ્પસ સ્થિત હાઈસ્કૂલ, પી.ટી.સી. કોલેજ, બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ તથા અધ્યાપકોએ પ્રદર્શનમાં ભાગ લીધો.

## વૃક્ષારોપણ

શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ કોલેજ, સુરતમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાલાના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. ડિ.એલ. વરસાણી, સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના મંત્રી કાનજીભાઈ ભાલાળા, કોર્પોરેટરશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માવજીભાઈ માવાણી, દેવચંદભાઈ કાકડીયા, પ્રફુલભાઈ શિરોયા, કોલેજ સ્ટાફગણ ઉપસ્થિત રહયા હતા. વૃક્ષોનું જતન કરવા માટે વિદ્યાર્થિનીઓ પાસે સંકલ્પ લેવડાવ્યો હતો.

## ઊજવણી

શ્રી માછી મહાજન એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ દમણમાં 'સંસ્કૃત દિવસ' ઊજવવામાં આવ્યો હતો. જેમાં તાલીમાર્થીઓએ ગીત, વકતવ્ય, નાટક, શ્લોક અને સંસ્કૃત અંતાક્ષરીની રજૂઆત કરી. કાર્યક્રમ સંસ્કૃત ભાષામાં રજૂ કરી સંસ્કૃતનો માહોલ ઉભો કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પરમાર પ્રિયંકા બહેને કર્યુ. માર્ગદર્શન ડૉ. ગીતા. પટેલે પુરું પાડયું. પ્રિ. બાબુભાઈએ સૌ વિદ્યાર્થી સંસ્કૃત ભાષાને સમજે અને એના ગુણોને જીવનમાં ઉતારે એ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાર્તાલાપ

- શ્રી માછી મહાજન એજયુકેશન સોસાયટી સંચાલિત કૉલેજ ઓફ એજયુકેશન, નાનીદમણના ગ્રંથાલય દ્વારા તા. ૨૬/૦૮/૨૦૦૯ ના રોજ 'મને ગમતું પુસ્તક' અંતર્ગત યોજાયેલ પ્રવચનમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ડૉ. જયંતિભાઈ એમ.નાયકે જણાવ્યું કે માનવ વ્યકિતની ઓળખ કરવી હોય તો તે કેવું સાહિત્ય વાંચે છે, તેમજ ઈન્ટરવ્યુ દરમ્યાન ન્યૂઝ પેપરના કયા સમાચાર કે અન્ય સાહિત્ય વાંચવાનો વધુ શોખ ધરાવો તેને આધારે તે વ્યકિતની કલ્પનાશકિત કે તેના દષ્ટિકોણને જાણી શકાય છે.
- એ. વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૭-૮-૨૦૦૯ ના રોજ મને ગમતું પુસ્તક પર યોજાયેલ વાર્તાલાપમાં બે વિદ્યાર્થીઓએ વિચારો રજૂ કર્યા હતા. આચાર્ય ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ સુંદરજી બેટાઈના "અલ્લા બેલી" કાવ્યનો રસાસ્વાદ કરાવીને વિદ્યાર્થીઓને પુરૂષાર્થ કરી મંજિલ સુધી પહોંચવાની અપીલ કરી હતી અને તે માટે સારા પુસ્તકોના વાંચનની અગત્યતા સમજાવી હતી.

## મુલાકાત



ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરતના એમ.એડ્. વિભાગના વિદ્યાર્થીઓએ લઘુશોધ નિબંધના સંદર્ભે પુસ્તકો તથા અન્ય સંદર્ભ ગ્રંથો માટે વીર નર્મદ દ.ગુ.યુનિ. ના ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. ટેક. આસિ. શ્રી એચ.બી.પટેલે વિદ્યાર્થીઓને ગ્રંથાલયના વિવિધ વિભાગથી માહિતગાર કર્યા હતા. એમ. એડ્. વિભાગના પ્રિ. નિહારીકાબેન પટેલે આ મુલાકાત પૂર્વે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. પ્રા.શ્રી રાજેશભાઈ તથા શ્રી જિજ્ઞેશભાઈ સાથે તાલીમાર્થીઓએ ગ્રંથાલયના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યુ હતું.

## સ્પર્ધા



સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં આચાર્યશ્રી ડૉ. યુ. ટી. દેસાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન વડે, તા. ૨૮-૭-૨૦૦૯ ના રોજ યોજાયેલ  મહેંદી સ્પર્ધામાં કુલ ૧૦૨ વિદ્યાર્થી બહેનો ભાઈઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે પ્રા. શ્રીમતી એસ. પી. દેસાઈ તથા ડી. આર. બી. ભરથાણા કોલેજના પ્રા. શ્રીમતી મયુરી કે. દેસાઈએ સેવા બજાવી હતી. સ્પર્ધાના પરિણામોમાં ટ્રેડિશનલ મહેંદી સ્પર્ધા : પ્રથમ : કુ. સીમા કાપડીયા, દ્વિતિય : કુ. બોનીષા પીપવાલા, કુ. કવિતા પટેલ, તૃતીય : કુ. સોની ધારા, કુ. નયના સુરેખા,  આશ્વાસન : કુ. સોનલ શાહ, કુ. દર્શના પટેલ. એરબિક મહેંદી સ્પર્ધા : પ્રથમ : કુ. મનાલી ભાજીવાલા, દ્વિતિય : કુ. આશીયા શેખ,  કુ. ભૂમિકા નડીયાદ્રા, તૃતિય : કુ. અંકિતા દાળવાલા, કુ. હીના વાઘેલા, આશ્વાસન : કુ. ભૂમિકા કથીરીયા, કુ. સોનુ મેવાવાલા વિજેતા રહયા હતા.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત ગુજરાત રાજય રાજય પ્રાદેશીક માહિતી કચેરી તેમજ કોલેજની પ્લાનીંગ ફોરમ કમિટી ધ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૪ વિષયો રાખવામાં આવ્યા હતા. (૧) ભૃણહત્યા એક અભિષાપ (૨) આંતકવાદ અને ગુજકોક (૩) સાક્ષરતા અભિયાન અને ગુજરાત (૪) નર્મદા યોજના અને ગુજરાત. સ્પર્ધાનું પરિણામ : પ્રથમ : કુ. શાહ પલક, દ્વિતીય : કુ. શેખ સાહેદા, તૃતીય : કુ. દોશી ભવ્યા વિજેતા રહયા હતા. નિર્ણાયકો તરીકે પ્રા. શ્રી. અજીતભાઈ નાયક તેમજ પ્રા. ડૉ. સીમાબેન દેસાઈએ સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. યુ. ટી. દેસાઈએ હાજર રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. પ્રા. સ્મૃતિ દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યુ તદ્‌ઉપરાંત શ્રી મરીઝ શ્રી સૂન્ય પાલનપુરી, શ્રી મનસુખલાલ ઝવેરી, શ્રી આદિલ મનસુરીની પસંદ કરેલ ગઝલો આધારિત નિબંધ સ્પર્ધાનું આયોજન શિક્ષક દિનના રોજ પ્રા. સૂર્યકાન્ત શાહ નિવૃત્તિ સન્માન ફંડના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં ૭૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.



સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૧-૯-૨૦૦૯ ના રોજ આંતર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં પ્રિ. ડૉ. યુ. ટી. દેસાઈએ સૌને આવકાર આપ્યો હતો અને સૌ સ્પર્ધકોને શુભકામના પાઠવી હતી. સ્પર્ધામાં વાપીથી લઈ ભરૂચ સુધીની વિવિધ કોલેજોમાંથી ૧૭૮ જેટલા સ્પર્ધકોએ ભાગ બે વિભાગો રાખવામાં આવ્યા હતા. (૧) આંતર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા. (૨) આંતર ફાઈન આર્ટસ કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે યુનિવર્સિટીના શ્રી જગદીશભાઈ સ્માર્ત, ગવર્નમેન્ટ પોલીટેકનીકના પ્રા. બી. કે. મોદી તથા સ્કેટ એન્જીનીયરીંગ કોલેજના પ્રા. શ્રી ગજેન્દ્રભાઈ મજઠીઆ તેમજ પ્રા. ભારતીબેન પાલે સેવા આપી હતી. આંતર કોલેજ ફાઈન આર્ટસ વિભાગ : પ્રથમ : શ્રી પટેલ અમિત આઈ., બી.એ. મહેતા કલાત્મક વિદ્યાલય-અમલસાડ, દ્વિતિય : શ્રી ટંડેલ રોહીત ડી., બી. એ. મહેતા કલાત્મક વિદ્યાલય-અમલસાડ, તૃતીય : શ્રી પટેલ હિરેન સી., બી. એ. મહેતા કલાત્મક વિદ્યાલય-અમલસાડ, આશ્વાસન ઈનામ : શ્રી ગામીત રોહીત એચ. પ્રિયદર્શની ફાઈન આર્ટસ કોલેજ. માંડવી, શ્રી ચૌધરી જીતુભાઈ જી. પ્રિયદર્શની ફાઈન આર્ટસ કોલેજ, માંડવી, આંતર કોલેજ વિભાગ : પ્રથમ શ્રી પટેલ ભાવિક એન. આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ, કામરેજ, દ્વિતીય કુ. જોષી ઈરા એમ, શ્રી ભગવાન મહાવીર કોલેજ, સુરત. તૃતિય : શ્રી પટેલ ધ્રુવ બી., શ્રીમતી ઝેડ એસ પટેલ કોલેજ ઓફ બી. બી. એ., કુ. જીનવાલા ધર્મિષ્ઠા આર., સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત. કુ, પટેલ પુજા ડી., એસ. આઈ. ડી. કોલેજ સુરત.


## માર્ગદર્શન

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની કેરીઅર ગાઈડન્સ કમિટીના નેજા હેઠળ કોલેજના વિદ્યાર્થીઓને ગ્રૂપ ડિશકસનનું મહત્વ તેની કાર્યવાહીથી પરિચિત કરાવવા માટેના એક કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય તજજ્ઞ તરીકે બોમ્બે સ્કુલ ઓફ બિઝનેસની સુરત શાખાના પી.આર. મેનેજર શ્રી નરેશભાઈ કાપડીયા તથા ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટના શ્રી દેવાંગ દેસાઈએ સેવા આપી હતી. વિદ્યાર્થીઓની બુધ્ધિ આંક કસોટીના ચકાસણી માટેની એક દૃશ્ય-શ્રાવ્ય કસોટીનું આયોજન કરી વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનની ચકાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કસોટીમાં પ્રથમ પાંચ ક્રમમાં આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ જાહેર કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડો. યુ. ટી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. તેજસ સુખડવાળાએ કર્યુ હતું.

## સન્માન

તા. ૩૧-૭-૨૦૦૯ને દિવસે સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ ગાંધીસ્મૃતિ ભવન ખાતે પોતાના પ્રતિભાસંપન્ન સારસ્વતોનું બહુમાન કર્યુ હતું. સર કે. પી. કોલેજ ઓફ કોમર્સના ટી. વાય.બી.કોમ.ના વિદ્યાર્થી નિકુંજ ગેવરિયાનું "સાર્વજનિક વિદ્યાસહાયક ૨૦૦૯" માટે સન્માન થયું હતું. નિકુંજ ગેવરિયાએ કોલેજને અનેક પારિતોષિક મેળવી આપ્યા છે.

## રમત - જગત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એમ. કે. કોમર્સ કોલેજના યજમાનપદે આયોજીત આંતર કોલેજ બાસ્કેટ બોલ (બહેનો) ની ટુર્નામેન્ટમાં કુલ પ્રથમ વખત આઠ ટીમોની ૯૬ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં સી.પી. ડિગ્રી કોલેજ, રાજપીપળા વિજેતા નીવડી હતી. અને ડી.આર.બી. કોલેજ ઓફ કોમર્સ ભરથાણા ઉપવિજેતા રહી હતી. તા. ૮-૯-૨૦૦૯ના રોજ યુનિવર્સિટી સિલેકશન ટ્રાયલમાં એમ.કે. કોલેજ ઓફ કોમર્સની ખેલાડી મેમણ રિઝવાના પ્રથમ ક્રમે પસંદગી પામી હતી. પ્રિ. ડૉ. વિજયકુમાર જોશીના માર્ગદર્શન હેઠળ યોજાએલ આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે યુનિવર્સિટી કોચ રાજુભાઈ ભાલાવાલા, તેમજ સિલેકશન ટ્રાયલ દરમિયાન ડાયરેકટર ડેવિડ પોલ, ઈ.ચા. પ્રિ. દિનેશભાઈ સારંગે ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરોકત ટુર્નામેન્ટને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં પ્રા. શિરીષ સોલંકીએ સેવાઓ બજાવી હતી.

## વાચન વિશેષ

### મૈત્રીનો વિકાસ

જીવનનું મૌલિક સૂત્ર છે પ્રસન્ન રહેવું. કેટલાક એવા હોય છે જે અત્યંત ખુશ રહે છે અને કેટલાક લોકો એવા હોય છે કે જેમના ચહેરા ઉપર ક્યારેય ખુશી કે પ્રસન્નતા જોવા મળતી નથી. આવું કેમ બને છે? પ્રસન્નતા જીવનનું બહુ મોટું સૂત્ર છે. પ્રસન્ન રહેનાર વ્યકિત ઘણી બધી મુશ્કેલીઓનો અનાયાસે જ અંત લાવી દે છે. પરંતુ પ્રસન્નતા ક્યારે શક્ય બને ? મૈત્રીનો વિકાસ થાય તો પ્રસન્નતા શક્ય છે. મનમાં શત્રુતાનો ભાવ ટકી રહે તો વ્યકિત પ્રસન્ન રહી શકતી નથી. વ્યકિત વિચારે છે કે અમુક વ્યકિતએ મારું આમ કરી દીધું, અમુક વ્યકિતએ મારું અપમાન કરી દીધું, મારે અમુક વ્યકિત સાથે બદલો લેવો છે. બદલાની આવી ભાવનાથી પ્રેરિત વ્યકિતના દુશ્મનોની યાદી લાંબી બનતી જાય છે. તેનું દિમાગ એની જ ક્રિયાન્વિતિમાં ખપી જાય છે. આવી સ્થિતિમાં પ્રસન્નતા આવે ક્યાંથી ? પ્રસન્નતાને આવવાની તક જ મળતી નથી. મૈત્રીની સાધના એ બહુ મોટી સાધના છે. એ પ્રસન્ન જીવનનું રહસ્યસૂત્ર છે. ચિકિત્સકો કહે છે કે પ્રસન્ન રહો, તો સેંકડો બીમારીઓ આપોઆપ દૂર થઈ જશે. ઉદાસ રહેવું એ બીમારીઓને આમંત્રણ આપવા જેવું છે. સ્વસ્થ અને પ્રસન્ન જીવન જીવવાનું સૂત્ર છે - મૈત્રીનો વિકાસ.

મૈત્રીનો અર્થ છે - સૌ કોઈમાં આત્માનુભૂતિ, સૌ કોઈમાં આત્મૌપમ્ય બુદ્ધિનો વિકાસ. આત્મા દ્વારા આત્માને જુઓ- આ ધ્યાનનું સૂત્ર છે. સ્વયંના આત્માને જોવાનો છે અને બીજાઓના આત્માને પણ જોવાનો છે. જે એક આત્માને જોવા બેસી જાય છે તે તમામ આત્માને જોવા માંડે છે.

(આચાર્ય મહાપ્રજ્ઞજી કૃત 'પોતાનું દર્પણ : પોતાનું પ્રતિબિંબ. પૃ. ૪૬)

### સંપર્ક

કોલેજ ન્યૂઝ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

### પુસ્તક પરિચય

**ધનવાનોના પાંચ નિયમો.** લે. સુધીર દીક્ષિત. ભાવાનુવાદ : યશ રાય. અમદાવાદ : આર. આર. શેઠની કંપની, જુલાઈ, ૨૦૦૯. પૃ. ૨૭૦ કિંમત રૂ. ૧૬૦.

લેખક કહે છે કે જે પ્રમાણે ગણિતશાસ્ત્રી બનવા માટે આપણને ગણિતના સિધ્ધાંતોની ખબર પડવી જોઈએ, તે જ પ્રમાણે ધનવાન બનવા માટે આપણને ધનવાન બનવાના નિયમોની જાણ હોવી જોઈએ.

આ પુસ્તકમાં (૧) નવું કામ કરવું (૨) સાહસ ખેડવું (૩) મુશ્કેલીઓથી ગભરાવું નહીં. (૪) મોટાં સ્વપ્નાં જોવા (૫) દૂરનું વિચારવું. જેવા પાંચ નિયમોના પ્રકરણો સમાવિષ્ટ છે.

હજારો ધનવાનોના અભ્યાસના આધારે વિશ્વના ૧૧૨ ધનવાનોને પસંદ કરવામાં આવ્યા છે. અને એવા ધનવાનોને પસંદ કરવામાં આવ્યા જેઓને વારસાઈમાં શ્રીમંતાઈ મળી નથી. તેઓએ પોતાની અકકલથી, ધગશથી અને તાકાતથી શ્રીમંતાઈ પ્રાપ્ત કરી છે.

ભારતના સુભાષ ચન્દ્રા, સાબીર ભાટિયા, લક્ષ્મી મિત્તલ, નારાયણ મૂર્તિ, શિવ નાદર, ઘનશ્યામ દાસ બિરલા, બાયોટેક કવીન કિરણ મજુમદાર, બ્રજમોહનલાલ મુંજાલ, સુનીલ ભારતી મિત્તલ, એમ.આર.એફ. ટાયરના કે.એમ. મામ્પિલાઈ, કરસનભાઈ પટેલ, અનિલ અગ્રવાલ, ધીરૂભાઈ અંબાણી, અઝીમ પ્રેમજી, ડૉ. અંજુ રેડ્ડી, રાજેશ હુકકૂ, અરૂણ પુરી, એકતા કપૂર, અવનીશ બજાજ, રાકેશ ઝુનઝુનવાલાની હિંમતભરી હકીકતો તથા વિદેશના તવંગરોની હકીકતો જાણીને આપણે દંગ રહી જઈએ છીએ.

આ લોકો સામાન્ય પરિસ્થિતિમાં જીવ્યા હતા છતાં કોઠાસૂઝથી અવરોધોને પાર કરીને ધનવાન બની શકયા છે. વિશ્વના ધનવાનોએ અમલમાં મૂકેલા અકસીર નિયમોનું રહસ્ય આ પુસ્તકના પાને પાને છૂપાયેલું છે. આ પુસ્તક કંપનીઓનો અભ્યાસ નથી પણ ધનવાનોના નિયમોનો અભ્યાસ છે. એ પણ જાણવા મળે છે કે તેઓ કયા નિયમોના આધારે ધનવાન બન્યા. આ પુસ્તકનું લક્ષ્ય ધનવાન બનવાની પ્રેરણા આપે છે.

લેખક ડૉ. સુધીર દીક્ષિતે અત્યાર સુધીમાં સ્વ-વિકાસ અને લાઈફ મેનેજમેન્ટ પર સુંદર પુસ્તકો લખેલ છે. તદ્પરાંત તેમણે ઘણા આંતરરાષ્ટ્રીય બેસ્ટ સેલર પુસ્તકોનો હિન્દીમાં અનુવાદ પણ કર્યો છે.

આ પુસ્તકનું ગુજરાતીમાં ભાવાનુવાદ કરનાર યશ રાય અને પ્રકાશક પણ અભિનંદનને પાત્ર છે.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

---

જો તમે ક્યારેય કંઈ જ નહિ કરો, તો તમે ક્યારેય તકલીફમાં નહીં પડો. પરંતુ તમે ક્યારેય ક્યાંય પહોંચી પણ નહિ શકો.

ટેડ ટર્નર
(ટર્નર એડ્વર્ટાઈઝિંગ કંપનીના પ્રેસિડન્ટ તથા સી.ઈઓ.)

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.
Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com